


# ચિલોડા ખાતે પદ્માવત વિરોધમાં ભારત બંધના એલાનને સમર્થન

પદ્માવત ફિલ્મના વિરોધમાં કરણીસેનાએ આપેલા ભારત બંધના એલાનના પગલે ચિલોડા જંકશન મથકે ચિલોડા વિસ્તારના રાજપૂત યુવાનોએ બંધને સમર્થન આપવા દહેગામ રોડ, ચિલોડા એપ્રોચ રોડ, ગાંધીનગર, સાદરા, હિંમતનગર, અમદાવાદ રોડ પરના કોમ્પલેસો અને દુકાનોને બંધમાં જોડાવા ૫૦ થી ૬૦ યુવાનો વિસ્તારમાં અપીલ કરતા સમગ્ર વિસ્તારનું બજાર જડબેસલાક બંધમાં જોડાયા હતા. આ બંધના એલાનને પગલે ચિલોડા બજાર સુમસામ બન્યુ હતુ. આમ ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષ, પ્રમુખ ઈલાઈટ, અક્ષર કોમ્પલેક્ષ, દહેગામ રોડની દુકાનો બંધના એલાનને સંપૂર્ણ સમર્થન આપતાં બંધ રહેવા પામ્યુ હતુ. આમ બપોરે ૧૨ વાગ્યા સુધી મહદઅંશે વાહનવ્યવહારને અસર થતાં લોકોની અવરજવર ઘટવા પામી હતી. આમ ચિલોડા ખાતે હિંમતનગર રોડ પર યુવાનો બંધમાં જોડાવા અપીલ કરી હતી. ત્યારબાદ ધીમે ધીમે લોકો બંધને ટેકો આપ્યો હતો.

## ઈજાગ્રસ્ત યુવાનની વ્હારે નગર સેવક

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરથી સરખેજ જવાના માર્ગ પર સરગાસણ પાસે આવેલ કાંસની લોખંડની ગ્રીલ સાથે રાતના સુમારે બાઈક ચાલક અથડાઈને નીચે કાંસમાં પટકાયો હતો. રાત્રીના અંધકારમાં યુવાન નીચે પટકાતા તેને ઈજા પહોંચી હતી. આ ઈજા પામેલ યુવાનને બહાર કાઢવો મુશ્કેલ લાગતું હતું. અકસ્માતને પગલે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. ત્યારે ગાંધીનગરથી અમદાવાદ જઈ રહેલા ગાંધીનગર મનપાના વોર્ડ નં-૬ ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરે અકસ્માતને પગલે ગાડી થોભાવી હતી અને નીચે ઉતરીને જોતા નીચે દર્દથી કણસી રહેલો યુવક મદદ માંગી રહ્યો હતો પરંતુ નીચે કાંસમાં ઉતરવા કોઈ તૈયાર ન હોતું. ત્યારે નગર સેવક કંઈ પણ વિચાર કર્યા વગર કાંસમાં કુદયા હતા અને ગણતરીની મિનીટોમાં ઈજાગ્રસ્ત યુવાનને દુખાવો ન થાય તે રીતે પોતાના મજબુત ખભા પર તેડીને કાંસમાંથી બહાર આવ્યા હતા અને તે સમયે આવી પહોંચેલી ૧૦૮માં સારવાર માટે મોકલી આપ્યો હતો. નગરસેવકની કામગીરીને સૌ નાગરીકોએ બિરદાવી હતી. યુવાન ગાંધીનગર નોકરી કરીને ખોરજ ગામ જઈ રહ્યો હતો તે સમયે અકસ્માત સર્જાયો હતો.

## સિવિલની ઓપીડીમાં રીનોવેશનની કામગીરીને પગલે ઓફિસના સરનામા બદલાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સિવિલમાં રીનોવેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેને પગલે વહીવટી ઓફિસ સહિત કચેરીના સરનામાં સમયાંતરે બદલાવટ કરે છે. ત્યારે હાલના સમયે ઓપીડી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર કેસ-દવા બારીની નવીન કામગીરી ચાલતા એ.આર.સી. સેન્ટરનુંસ્થાન બદલાયુ છે. જેમાં એ.આર.ટી. સેન્ટર ગ્રાઉન્ડ ફ્લોર પરથી ત્રીજા માળે નવી ઓપીડી બિલ્ડીંગ ખાતે લઈ જવાયુ છે. તે ઉપરાંત સેનેટરી ઈન્સ્પેક્ટરની ઓફિસ રૂમ નં. ૫ની ખસેડીને લેબોરેટરીની સામે લઈ જવાઈ છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. આરોગ્યની સુવિધાની સાથે દર્દીઓની પથારીમાં પણ વધારો થવા પામ્યો છે. મેડીકલ કોલેજને પગલે પાંચ માળની આધુનીક ઓપીડી અને આઠ માળની બિલ્ડીંગ તૈયાર કરાઈ છે. તેમ છતાં પી.આઈ.યુ. વિભાગ દ્વારા હજુ ઘણા સુધારા-વધારા કરવાના બાકી છે. તેમજ નવીનીકરણની પણ કામગીરી હાથ ધરવાની છે. ત્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર અત્યારે હાલ ઓપીડીમાં દવા અને કેસ બારી આધુનીક બનાવતા કેટલીક વહીવટી ઓફિસ અને સ્ટાફના કર્મચારીઓને ઓફિસ બદલવાની ફરજ પડી છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર કાર્યરત એ.આર.ટી. સેન્ટરને ખસેડીને ઉજા માળે લઈ જવાયુ છે. જ્યારે એસ.આઈ.ની ઓફિસ બદલાઈને લેબોરેટરી પાસે લઈ જવાઈ છે. ત્યારે વારંવાર બે-ચાર મહિને ઓફિસ બદલાતા કર્મચારીઓ અને દર્દીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.




## પાટનગરમાં હવે ટાયર ચોરતી ટોળકી સક્રીય

પાટનગરમાં વાહનચોરી, ઘરફોડ અને લુંટ જેવા બનાવો તો ઠીક હવે તો વાહનો પર જેક ચઢાવીને ટાયરો ચોરી જવાના કિસ્સા પણ બહાર આવી રહ્યા છે. રાત્રી દરમ્યાન સેક્ટર-૨૮ ખાતે ઘર આંગણે પાર્ક કરેલી કારને ટાર્ગેટ બનાવી ટાયર ચોરોએ ચાર ટાયર જેક મારફતે કાઢી લઈને સિમેન્ટના બ્લોક ટાયરની જગ્યાએ ગોઠવી દીધા હતા. ચોરેલ ટાયરોની ચોરી કરી ટાયર ચોરો ભાગી ગયા હતા.

## બજારમાં નવા બટાકાની આવક શરૂ થઈ

ગાંધીનગર જિલ્લામાં બટાટાના પાકની નવી આવક શરૂ થતાં જ શાકભાજીના ભાવો પર તેની અસર જોવા મળી રહી છે.

જિલ્લામાં આ વખતે ૮ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં બટાટાની ખેતી કરવામાં આવી છે. શાકભાજીના રાજા તરીકેની ઓળખ ધરાવતા બટેટાની પાંચ જાતોનું વાવેતર જિલ્લામાં થયુ છે. જો કે ઘણો બધો હિસ્સો કોન્ટ્રેક્ટ ફાર્મિંગ હેઠળનો છે એટલે એકાદ સપ્તાહ પછી તેના ગ્રેડીંગની કામગીરી હાથ ધરવામાં આવશે અને રિજેક્ટેડ પાક પણ બજારમાં આવશે જેથી બટાટાના ભાવ ઘટતા જોવા મળશે.

# રવિવારે જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન

### એક હજારથી વધુ બુથ ઉભા કરાશે : જિલ્લામાં અધિકારીઓ લાયઝન અધિકારી તરીકે ફરજો બજાવશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આગામી ૨૮મી જાન્યુઆરીએ યોજાનાર પલ્સ પોલિયો અભિયાનને ૨૬-૨૭ જાન્યુઆરીની રજાને લઈ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

સમગ્ર જિલ્લામાં એક હજાર જેટલા ખાસ બુથ ઉભા કરવામાં આવશે. આ અભિયાનનો આરંભ ગાંધીનગરમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મંત્રીઓના નિવાસસ્થાન ખાતેથી કરાવશે.

૧૯૯૫થી અમલી બનેલ આ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત રસીનો તમામ જથ્થો જે તે સેન્ટર પર પહોંચાડી દેવામાં આવ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે મોનીટરીંગનો આખો સેલ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ઉભો કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે ૮ થી વધુ લાયઝન ઓફિસરોની નિયુક્તી કરવામાં આવેલ છે. સૌથી વધુ ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા કલોલ તાલુકામાં સઘન મોનીટરીંગ માટે પાંચ જેટલા લાયઝન અધિકારીઓ નિમવામાં આવ્યા છે. જિલ્લામાં ૨૫૦થી વધુ હાઈરિસ્ક વિસ્તારો આવેલા છે જ્યાં તંત્રએ વિશેષ ધ્યાન આપવાની વ્યુહરચના પણ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

## ઈટાદરા ખાતે શિવ પરિવાર દેવતાઓનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

શિવ પરિવાર દેવતાઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૨૧ કુંડીય અતિરૂદ્ર મહાયજ્ઞ મહોત્સવ તેમજ ખોડીયાર માતાજી, રાધાકૃષ્ણ સહિત ગોગા મહારાજના પાટોત્સવનું તા. ૩ થી ૫ ફેબ્રુઆરી દરમિયાન ખોડીયાર માતાજી મંદિર ઈટાદરા તા-માણસા ખાતે યોજાશે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈટાદરા ગામે સ્થિત ખોડીયાર માતાજી મંદિર ખાતે શિવ પરિવાર દેવતાઓના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, ૧૨૧ કુંડીય અતિરૂદ્ર મહાયજ્ઞ મહોત્સવ તથા ખોડીયાર માતાજી, રાધાકૃષ્ણ અને ગોગા મહારાજના પાટોત્સવ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં પાવનકારી પ્રથમ દિવસને તા.૩ ને શનિવારના રોજ સવારે ૮ કલાકે યજ્ઞ પ્રારંભ પ્રાયશ્ચિત વિધિ સવારે ૮.૪૫ કલાકે, પંચાગ વિધી સવારે ૯.૧૫ કલાકે, મંડપ પ્રવેશ બપોરે ૧૧.૧૫ કલાકે, સ્થાપિત દેવોનું પૂજન બપોરે ૧૧૧.૩૦ કલાકે, અગ્નિ સ્થાપન બપોરે ૧૧.૪૫ કલાકે, ગ્રહહોમ વિધિ બપોરે ૧૨.૨૦ કલાકે, અતિરૂદ્ર હોમ વિધિ બપોરે ૧.૧૫ કલાકે, કર્મકુટી કર્મ વિધિ સાંજે ૪.૩૦ કલાકે, સાયં પૂજા થાળ આરતી સાંજે ૬ કલાકે, જ્યારે પાવનકારી બીજા દિવસે સૂર્યાર્ધદાન વિધિ સવારે ૮ કલાકે, પ્રાંતઃપૂજન સવારે ૯ કલાકે, શોભાયાત્રા-જલયાત્રા સવારે ૧૦ કલાકે, અન્નાધિવાસ બપોરે ૧૨.૧૫ કલાકે, દેવ સ્નપન વિધિ બપોરે ૨.૩૦ કલાકે, પ્રસાદ સ્નપન સાંજે ૪.૩૦ કલાકે, મંદિરનું વાસ્તુ પૂજન સાંજે ૫ કલાકે, શયનાધિવાસ સાંજે ૫.૩૦ કલાકે, થાળ-આરતી સાંજે ૬ કલાકે, તેમજ પાવનકારી ત્રીજા દિવસે પ્રાતપૂજન સવારે ૮ કલાકે, અતિ રુદ્ર હોમ વિધિ સવારે ૯ કલાકે, પ્રાણ પ્રતિષ્ઠા સવારે ૧૧.૧૫ કલાકે, મંદિરમાં મહોત્સવ વિધિ સવારે ૧૧.૪૩ કલાકે, ઉત્તર તંત્ર બપોરે ૨.૩૦ કલાકે, પૂર્ણાહૂતિ સાંજે ૪ કલાકે, થાળ-આરતી સાંજે ૪.૩૦ કલાકે યોજાશે. આ ધાર્મિક પ્રસંગે મહાપ્રસાદનું આયોજન તા. ૫ ને સોમવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે યોજાશે.

## શાંતિપૂર્ણ બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંધના લીધે દિવસ દરમિયાન નગરના શોપિંગ બજારોમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો.શહેરી વિસ્તારન નજીકના પેથાપુર અને રાંધેજા સહીતના ગામોમાં પણ સજ્જડ બંધ જોવા મળ્યુ હતુ. જો કે બપોરબાદ કેટલાક ઠેકાણે શોપિંગ બજારો ધમધમતા જોવા મળ્યા હતા.

પદમાવત ફિલ્મના રીલીઝના આગળના દિવસે અલબત્ત ગઈકાલે દેશના વિવિધ ભાગોમાં હીસક વિરોધ પ્રદર્શનનો દૌર જારી રહયો હતો. દિલ્હી મુંબઈ , રાજસ્થાન સહીતના વિસ્તારમાં વિરોધ પ્રદર્શન વચ્ચે આ ફિલ્મ રીલીઝ કરવાની હીલચાલ સાથે ગુજરાતમાં આ ફિલ્મને અનુલક્ષીને બે દિવસ અગાઉ પણ આગચંપી અને તોડફોડના બનાવો પ્રકાશમાં આવ્યા હતા. જયારે ફિલ્મના રીલીઝ સામે આજે રાજપુત સમાજ દ્વારા બંધની અપીલ કરવામાં આવી હતી. આ બંધની અસર પણ મિશ્ર જોવા મળી હતી. જો કે કેટલાક શહેરોમાં સજ્જડ બંધ જોવા મળ્યો હતો. ગાંધીનગરમાં બંધનુ એલાન સફળતાપુર્વક શાંતિપુર્ણ માહોલમાં પુર્ણ થયુ હતુ. સવારથી સેકટરોના શોપિંગમાં કેટલીક દુકાનો સ્વંયભુ બંધ રહી હતી. જયારે કેટલીક દુકાનો ખુલ્લી રહેતા કરણી સેનાના યુવાનો સેકટરોમાં બાઈક લઈને શોપિંગ સુધી પહોંચ્યા હતા. કરણી સેનાએ ચાલુ દુકાનો બંધ કરાવી દીધી હતી. સેકટરોમાં મુખ્ય શોપિંગ સેન્ટર સે-૨૧, સે-૧૧ સે-૭ ,સે-૨૪ અને ઈન્ફોસિટી અને સે-૧૬ સહીતના મુખ્ય શોપિંગ બજારો બંધ રહયા હતા. સવારે પોઈન્ટની એસ ટી બસ સેવા ચાલુ રહી હતી. પરંતુ બપોરના સમયે ગાંધીનગરથી અમદાવાદ તરફ દોડતી બસોને નરોડા અટકાવી દેવામાં આવતા એસ ટી બસ સેવા પણ પ્રભાવિત થઈ હતી. એસ ટી બસની સાથે અવરજવર કરતી રીક્ષાઓને પણ અટકાવી ખાલી કરી દેવાઈ હતી. જયારે નગરની સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓની હાજરીમાં ઘટાડો જોવા મળ્યો હતો. બંધના લીધે મોટાભાગની દુકાનો બંધ હોવાથી ચા ની ચુસ્કી માટે એકાદ ખુલ્લી રહેલી લારી પર ભીડ જામી હતી. શહેરમાં બંધની અસર વચ્ચે સન્નાટો જોવા મળ્યો હતો. સેકટરોમાં શોપિંગ સેન્ટરો બંધ રહેવાની સાથે શાળા કોલેજોમાં પણ વિદ્યાર્થીઓની નહીંવત હાજરી ઉપરાંત ઓફિસ કચેરી અને બેંક સેવા ઉપર વિપરિત અસર વર્તાઈ હતી. જેના લીધે શહેરમાં ખાલીપાનો માહોલ જોવા મળ્યો હતો. જો કે બપોર બાદ કેટલાક ઠેકાણે દુકાનો ફરી ધમધમતી જોવા મળી હતી. બંધની અસરથી નગરનુ જનજીવન બેજાન બની ગયુ હતુ.

## પોલીસની સતર્કતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીસીટીવી કેમેરાનો પણ આજે સારો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસની એક ટીમ સીસીટીવી સર્વેલન્સ રૂમમાં રાઉન્ડ ધ ક્લોક એલર્ટ મોડ પર બેસી ગઈ હતી. બંધ કરાવવા બાઈકો લઈને નીકળતા ટોળાને સર્વેલન્સ રૂમમાં બેઠા બેઠા જોઈને તેમના વાહનોના નંબર સોફટવેરમાં સેટ કરી દેવાયા હતા. આ વાહન જ્યાં જ્યાં ફરે તેનું પોપ-અપ મેસેજ પોલીસને મળતા રહે..! જ્યાં ટોળુ ફરતુ દેખાય તેની પાછળ વાયરલેસ મેસેજ કરીને પેટ્રોલીંગમાં રહેલી પોલીસ મોકલી દેવામાં આવતી હતી અને કોઈ અનિચ્છનિય બનાવ બને તે પહેલા જ પોલીસ ત્યાં પહોંચી જતી હતી. 'પોલીસની સીસીટીવી સર્વેલન્સ રૂમમાં સતર્કતા અને રેપીડ વાયરલેસ કોમ્યુનિકેશન' પણ આજનું બંધ શાંતિપૂર્ણ સંપન્ન થયાને પાછળનું એક રાઝ છે.

## આક્રમક મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ઠંડીનો પારો દિનપ્રતિદિન ગગડતા આજે લઘુત્તમ તાપમાન ૮ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ અસહ્ય ઠંડી અનુભવી હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો એક ડી ગ્રી ગગડયો હતો. સિઝનની મહત્તમ ઠંડીના લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. નગરજનો ઠંડીની અસરથી વિશેષ પ્રભાવિત થયા હતા. આકરી ઠંડીના લીધે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન પણ નગરજનોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. જયારે સાંજ ઢળતા જ આકરી ઠંડીના લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. રાત્રિના સમયે ઠંડીની અસરથી શહેરમાં સન્નાટો છવાઈ ગયો હતો. સેકટરોની શેરીઓ અને માર્ગો પર ઠંડીના લીધે સુનકાર પ્રવર્તયો હતો. ઠંડીની મોસમ નિખરતા વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ ઠંડીમાં ઠુંઠવાવનો વારો આવ્યો છે. જયારે શ્રમિક વસાહતોના રહીશો પણ ઠંડીના લીધે દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. શ્રમજીવી વસાહતમાં તાપણા સળગતા જોવા મળ્યા હતા. ગાંધીનગરમાં ઠંડીનો પારો ફરીએકવાર આજે ૮ ડી ગ્રીએ પહોંચી જતા જનજીવન પ્રભાવિત થયુ હતુ.

## દિન ઉજવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. આનો લઈને દિલ્હીમાં ખાસ આયોજન કરવામાં આવી રહ્યુ છે. દિલ્હીમાં ભવ્ય લશ્કરી પરેડ પણ યોજાનાર છે. જુદા જુદા રાજ્યોના ટેબ્લો પણ મુખ્ય આકર્ષણ જમાવનાર છે. સાથે સાથે સેનાની ભવ્ય પરેડ આકર્ષણનુ કેન્દ્ર બનશે. આઈએસ અને અન્ય ત્રાસવાદી સંગઠનની હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને દિલ્હી એરપોર્ટ, મેટ્રો સ્ટેશનો, રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન તથા ધાર્મિક સ્થળો ખાતે ખાસ સુરક્ષા રાખવામાં આવી છે.

## પદ્માવત રજૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિહાર, રાજસ્થાનના જયપુરમાં પણ ફિલ્મ રજૂ થઈ નથી. બિહારના દરભંગામાં આજે હિંસક પ્રદર્શન થયા હતા. રાજસ્થાનના પાટનગર જયપુરમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા અને કરણી સેનાના સમર્થનમાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા. બાઈક રેલી કરવામાં આવી હતી. ઉદયપુરમાં હિંસક પ્રદર્શન થયા હતા.

દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી. બિહારમાં પણ હિંસા જોવા મળી હતી. મુઝફ્ફરનગરમાં દેખાવકારોએ તલવારો હવામાં લહેરાવી હતી. દેશના જુદા જુદા ભાગોમાં સઘન સુરક્ષા આજે રાખવામાં આવી હતી. ફિલ્મની રજૂઆત સામેના વિરોધમાં આજે અનેક જગ્યાઓએ બંધની અસર જોવા મળી હતી. ભારત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો.

અનેક વિસ્તારોમાં સજ્જડ બંધની અસર જોવા મળી હતી. તો અન્ય કેટલાક વિસ્તારોમાં બંધની અસર દેખાઈ ન હતી. ગુજરાતમાં મોટાભાગે મલ્ટીપ્લેક્સ થિયેટરોએ ફિલ્મ રજૂ નહીં કરવાનો નિર્ણય કરતા ગુજરાત સરકારે બંધમાં સામેલ નહીં થવાનો નિર્ણય કર્યો હતો. બીજી બાજુ કરણી સેના અને સંબંધિત સમર્થન કરનારાઓએ હિંસક દેખાવોનો દોર જારી રાખ્યો હતો.

### ગાંધીનગર જીલ્લા જળ અને સ્વચ્છતા યુનીટ
### જાહેર નિવિદા નં.:૫ સને ૨૦૧૭-૧૮

યુનીટ મેનેજર, જીલ્લા જળ અને સ્વચ્છતા યુનીટ, ગાંધીનગર, બ્લોક 'બી' પાંચમો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે આવેલ કચેરીમાં સાફ સફાઈ કરવા માટે ઓફીસ એટેન્ડન્ટની જરૂરીયાત હોઈ તો અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા. ૫/૨/૨૦૧૮ સુધીમાં ભાવો મોકલવાના રહેશે. વધુ વિગતો કચેરી સમય દરમિયાન મળી શકશે.

| અનુ | કામનું નામ | ભાવ | પ્રતિ/ચો.ફુટ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | યુનીટ મેનેજરશ્રીની કચેરીમાં ૭૦૮૨૦ ચો. ફુટની જગ્યામાં સાફ સફાઈ કરવા માટે | | | |

માહિતી/૨૫૭૨/૧૭-૧૮

### જાહેર નિવિદા
### પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર
(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
### જાહેર નિવિદા પી.આઈ.યુ.-૮૭ (૨૦૧૭-૧૮)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, એન.આર.એચ.એમ. બિલ્ડીંગ, ચોથો માળ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર, ૩૮૨૦૧૦ દ્વારા નીચે જણાવેલ બાબતે સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. પી.આઈ.યુ. ઓફીસ ફોન નં. ૦૭૯-૨૩૨૩૧૪૩૪, ફેક્સ નં. ૨૩૨૩૧૯૯૫

| ક્રમ નં. | કામનું નામ | ટેન્ડર ફી/ બાનાની રકમ | ટેન્ડર મેળવવાની પાત્રતા | માસ |
|---|---|---|---|---|
| ૧. | બાંધકામની કામગીરીના લગત જુદા જુદા પ્રકારના નિયત રજીસ્ટરો જેવા કે માપપોથી, સિમેન્ટ વપરાશ રજીસ્ટર, વર્ક રજીસ્ટર પહોંચ, સ્ટાન્ડર્ડ પી.ડબલ્યુ ડી ફોર્મસ (બી-૧, બી-૨, સ્પેશીફીકેશન બુક, (ઈલેક્ટ્રીકલ અને સિવિલ)) વિગેરે નમુના મુજબ છાપકામ કરીને સપ્લાય કરવા બાબત. | રૂ. ૯૦૦/- રૂ. ૫૦૦૦/- | ગાંધીનગરમાં ઓફીસ ધરાવતા તથા આ પ્રકારના કામનો છેલ્લા પાંચ વર્ષનો અનુભવ ધરાવતા | ૧૨ |

નોંધ : ગુમાસ્તા ધારા મુજબ ઓફીસ નોંધણી નંબર, (ગાંધીનગર ઓફિસ ધરાવતા) પાન નંબર, જી.એસ.ટી. નંબર કોપી તથા અનુભવના પ્રમાણપત્રો સાથે પોતાના લેટર પેડ ઉપર જરૂરી ટેન્ડર ફી સાથે અરજી કરવાથી ટેન્ડર કોપી મળી શકશે.

ટેન્ડર આપવાની છેલ્લી તા. ૦૬-૦૨-૨૦૧૮ - ૧૮.૦૦ કલાક સુધી

ટેન્ડર પરત લેવાની છેલ્લી તા. ૧૩-૨-૨૦૧૮ - ૧૬.૦૦ કલાક સુધી માત્ર આર.પી.એ.ડી.થી સ્વીકારવામાં આવશે.

શક્ય હશે તો ટેન્ડર તા. ૧૪-૨-૨૦૧૮ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

માહિતી/૨૫૪૮/૧૭-૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭